## પ્રેસનોટ - રામોલ પોલીસ

# મોબાઇલ ચોરીના આરોપીને કિ.રૂ.૧૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ અમદાવાદ શહેર

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન કલાક ૧૪/૧૫ વાગે સુરેલીયા સર્કલ અર્બન હેલ્થ સેન્ટર ખાતે આવતા સાથેના પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક ઇસમ જેણે શરીરે વાદળી કલરનુ જીંસ પેંટ તથા લાલ કલરની લાઇનિંગવાળી ટીશર્ટ પહેરેલ છે તે ઇસમ પોતાની પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ મો.ફોન રાખીને વેચવા માટે મો.ફોનની દુકાનો પર ફરે છે અને તે હાલ સુરેલીયા સર્કલ સામે મો.ફોનની દુકાનો આગળ હાજર છે જે બાતમી હકીકત આધારે

આરોપી:- <u>દિપકભાઇ રાજુભાઇ પરાતે (મરાઠી) ઉવ.૨૯ રહે. મ.નં. જી/૧૦૧ શુકુન હાઇટર્સ આરટીઓ રોડ વસ્ત્રાલ અમદાવાદ અમદાવાદ શહેર</u>

નાની પાસેથી એક એમ,.આઇ કંપનીનો રેડમી નોટ-૭ એસ મોબાઇલ ફોન મળી આવેલ જેની કિ.રૂ. ૧૦,૦૦૦/- ગણાય જે મોબાઇલ ફોનના બીલ કે માલીકીપણાના આધાર પુરાવા બાબતે કોઇ ફળદાયક હકીકત જણાવેલ ન હોય આરોપીને <u>તા.૦૫/૧૦/૧૯ ના કલાક ૧૫/૦૦ વાગે</u> સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ.

અને મોબાઇલ ફોનના માલીક બાબતે તપાસ કરતા વિષ્ણુજી બાબુજી ઠાકોર ઉવ.૨૫ રહે. જયંતીભાઇના મકાનમાં શીલજ રોડ થલતેજ અમદાવાદ શહેર નાઓની માલીકીનો હોય અને ફરીયાદી તા.૦૨/૧૦/૧૯ ના રોજ રામોલ સુરેલીયા એસ્ટેટ પાસે આવેલ શ્રીગણેશ ગારમેન્ટ નામની દુકાનમાં ખરીદી કરવા ગયેલ જ્યાં મો.ફોન ભુલી ગયેલ જે મો.ફોનની આરોપીએ ચોરી કરેલાની હકીકત જાણવા મળેલ હોય જે આધારે <u>રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૫૮/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯</u> મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

Scanned with CamScanner